સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૨૦
આંક –૧૬૬

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૨૦ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | પ્રવિણભાઈ રાણાભાઈ વાલ્મીકી | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9909450483 |
| ઉંમર આશરે | ૩૫ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | ગોલા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હું છુટક મજુરી કરી ગોલા ગામે મારુ ગુજરાન ચલાવુ છું.

(૨) પાંચ વર્ષ પહેલા ચામુડા માતાના મંદિર પાસે પંચમાં બોલાવેલા ત્યાં બીજા પંચ તરીકે રાયધનભાઈ અમરાભાઈ કુંભાર હાજર હતા તથા ફરીયાદી લશાભાઈ લવજીભાઈ મેઘવાળ તથા મુકેશભાઈ હાજર હતા. ગુનાવાળી જગ્યા લશાભાઈ તથા મુકેશભાઈએ બતાવેલી. તે જગ્યા ચામુંડા માતાના મંદિરની આગળ આવેલ હતી. ગુનાવાળી પૂર્વ દિશાએ ખુલ્લી જગ્યા હતી અને ઉતર દિશાએ લોખંડનો ઝાંપો હતો અને દક્ષિણ દિશામાં કોમ્યુનીટી હોલ હતો અને પશ્ચિમ દિશાએ મંદિર આગળ બ્લોક નાંખેલા હતા. આ પંચનામુ મુકેશભાઈ તથા લશાભાઈએ લખાવેલું. આ પંચનામુ અમોને વાંચી સંભળાવેલુ અને ત્યારબાદ અમો બે પંચોના અંગુઠાના નિશાન લીધેલા.

મને માર્ક:૯૧/૩ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં. ૨ તરીકે મારા અંગુઠાનુ નિશાન તથા પંચ નં.૧ તરીકે રાયધનભાઈ અમાાભાઈ કુંભારના અંગુઠાનું નિશાન છે, જેઓ ત્રણ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે, તેઓએ મારી હાજરીમાં અંગુઠાનું નિશાન કરેલું , જે હું ઓળખી બતાવુ છુ ,જે રજુ દાખલ **આંક:૧૬૭** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી..**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.ટી.એ.ત્રિવેદી..**

(૩) એ વાત ખરી છે કે હુ અભણ છુ અને લખીવાંચી શકતો નથી માત્ર અંગુઠો કરુ છું.

સાહેદની સહી............................

એ વાત ખરી છે કે આ કામના ફરીયાદ લશાજીએ મને બોલાવેલો અને મને કહેલ કે પોલીસ આવે છે પંચનામામાં સહી કરો. એ વાત ખરી છે કે જેથી મે સહી કરેલી. એ વાત ખરી છે કે આ બધુ લખાણ લશાજીએ લખાવેલું. એ વાત ખરી છે કે ફરીયાદીના કહેવાથી મે સહી કરેલી બીજુ કંઈ હુ જાણતો નથી. એ વાત ખરી છે કે પંચ નં.૧ રાયધનજી અમરાજીએ પણ લશાજીના કહેવાથી સહી કરેલી. એ વાત ખરી છે કે શાનુ પંચનામુ હતુ તેની મને ખબર નથી.

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.........................................**

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................